# ભારતીય જનતા પાર્ટી

ગુજરાત પ્રદેશ

પં. દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, કર્ણાવતી - ૩૮૦ ૦૦૧
ટે.નં. ૦૭૯-૨૫૫૦૪૫૨૫/૨૬/૩૩ ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
e-mail : bjp.gujarat@gmail.com

**અખબારી યાદી** **તા.૨૩-૯-૨૦૦૯**

## અમદાવાદમાં આતંકવાદી મુઠભેડની ઘટનાની<br>ભારત સરકારે અગાઉ કરેલી કોર્ટ એફિડેવિટમાં<br>ફેરવી તોળવાના કેન્દ્રની કોંગ્રેસ સરકારના<br>વલણ સામે આકરા પ્રહારો કરતા<br>ભાજપા પ્રદેશ પ્રમુખશ્રી પુરૂષોત્તમ રૂપાલા

.. .. ..

**મતોના રાજકારણ માટે દેશની સુરક્ષા સાથે ચેડા**

.. .. ..

**તુષ્ટીકરણ માટે સુરક્ષાબળોનું મનોબળ તોડવાના ગંભીર પ્રયાસ**

.. .. ..

| | | |
|---|---|---|
| **દેશપ્રેમી જનતા માટે આઘાતજનક** | **શું કેન્દ્રની કોંગ્રેસ સરકારે લશ્કરે તોઈબા જેવા આતંકવાદી સંગઠન પાસે ઘૂંટણીએ પડી જવાનું નક્કી કરી લીધું છે?** | **ભારત સરકારની વિશ્વસનીયતા આટલી ખોખલી?** .. .. .. **દેશની સુરક્ષા સાથે લડવાની પ્રતિબદ્ધતા સામે પ્રશ્નાર્થ ઉભા થયા છે** |

......

ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખશ્રી પુરૂષોત્તમ રૂપાલાએ કેન્દ્રની કોંગ્રેસ સરકારની વિશ્વસનિયતા ઉપર ગંભીર પ્રશ્નાર્થ ઉઠાવતા જણાવ્યું છે કે અમદાવાદમાં આતંકવાદીઓના મુઠભેડ-મૃત્યુના કિસ્સા અંગે ભારત સરકારે અગાઉ જે કોર્ટ એફિડેવિટ કરી હતી તેમાં હવે, ધરાર ફેરવી તોળીને, કોર્ટમાં નવી જ એફિડેવિટ કરવાની આજે સમાચાર માધ્યમોએ આપેલી માહિતી સમગ્ર દેશપ્રેમી જનતાને આઘાત આપનારી છે. કોંગ્રેસની સરકાર મતોના રાજકારણ માટે દેશની સુરક્ષા સાથે ચેડા કરી રહી છે તેમ તેમણે જણાવ્યું હતું.

શ્રી પુરૂષોત્તમ રૂપાલાએ જણાવ્યું કે કોંગ્રેસ સરકારના આ વલણે તો તેની વિશ્વસનિયતા સામે જ પ્રશ્નચિન્હ ખડું કરી દીધું છે એટલું જ નહીં, ભારત સરકારે લશ્કરે તોઈબા જેવા આતંકવાદી સંગઠન સામે ઘૂંટણીએ પડવાનું નક્કી કરી દીધું છે તેવું સ્પષ્ટપણે પ્રતીત થાય છે.

ભાજપા પ્રદેશ પ્રમુખશ્રીએ એમ પણ જણાવ્યું કે ભારત સરકારે પોતે જ નિયુક્ત કરેલા સનદી પોલીસ સેવાના ઉચ્ચ અધિકારીઓએ એફિડેવિટ તૈયાર કરી હતી પરંતુ હવે તેના ઉપર ભરોસો મુકવાને બદલે આતંકવાદીઓ ઉપર વિશ્વાસ મુકવાનું આ વલણ, દેશની સુરક્ષા માટે કેન્દ્રની કોંગ્રેસ સરકાર કેટલી ગંભીર છે તેની ચિન્તા કરાવે છે. ભારત સરકારે જે બે વખત એફિડેવિટ્સ કોર્ટમાં કરી હતી તે બંને વખતે પુરી વિચારણા કર્યા બાદ જ થઇ હતી પરંતુ હવે તેના બદલે કોના દબાણ હેઠળ એફિડેવિટ બદલવાનો આ નિર્ણય લેવાયો છે? શું માત્ર ને માત્ર રાજકીય ઇરાદાથી અને વોટબેન્કની રાજનીતિથી સત્તાસુખ ભોગવવા આતંકવાદ સામે લડવાને બદલે, આતંકવાદીઓ સામે ઝુકી જવાનું આ વલણ દેશના હિતોને ઘાતક નહીં બને? તુષ્ટીકરણ અને તેના દ્વારા સુરક્ષાબળોનું મનોબળ તોડવાની આ ચેષ્ઠા અત્યંત ગંભીર છે.

શ્રી પુરૂષોત્તમ રૂપાલાએ ભારત સરકારના મંત્રાલયો વચ્ચે પણ અમદાવાદના આતંકવાદીઓના મૃત્યુની ઘટના અંગેની એફિડેવિટ વિષયક વલણમાં સુસંગતતા નથી તેનો ઉલ્લેખ કરી જણાવ્યું કે સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સીએ આ સંદર્ભમાં રાજ્ય સરકારને ઇન્પુટ આપેલા હતા અને તેના આધારે જ આ આતંકવાદીઓ સાથે મુઠભેડ થઇ હતી. હવે ભારત સરકાર સેન્ટ્રલ આઇબીના ઇન્ટેલિજન્સ ઇન્પુટનો સ્વીકાર કરે છે પણ આ ઇન્ટેલિજન્સ ઇન્પુટની માહિતીનું વેરિફિકેશન રાજ્ય સરકાર કરે તેવી બેહુદી વાત કરીને પોતાની જ સેન્ટ્રલ એજન્સીઓની કામગીરી વિશે શંકા ઉઠાવે છે-?!

વાસ્તવમાં માત્ર ને માત્ર રાજકીય ઇરાદા પ્રેરિત ભારત સરકારનો જુની એફિડેવિટ બદલીને નવી એફિડેવિટ કરવાનો આ નિર્ણય દેશપ્રેમી જનતા માટે તો આઘાતજનક છે જ, પણ આતંકવાદ સામે લડવાની કેન્દ્રની કોંગ્રેસ સરકારની રાજકીય ઇચ્છાશક્તિ કેટલી ખોખલી અને બિનભરોસાપાત્ર છે અને દેશની જનતા સમક્ષ કોંગ્રેસ સરકારની વિશ્વસનિયતા તળીયે બેઠી ગઇ છે તે પુરવાર કરે છે.

......